======================================================================

**–:આંક–૦૫ લગત હુકમ:–**

વાદીએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧,૨ તથા કલમ–૧૫૧ અન્વયે, મનાઈ અરજીમાં માગ્યા મુજબ ની દાદ મેળવવા, સોગંદનામાં સાથે અત્રેની અદાલતને કરેલ છે.

**(૧)વાદીની કામચલાઉ મનાઈ અરજીની હકીકત:–**

(૧.૧) આ કામના વાદીની કામચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ચીખલી ખડકા, તા.સોનગઢ, જી.તાપી ખાતે વાદીના સ્વતંત્ર નામે ખાતા નં.૧૦૮, બ્લોક નં.૮૪, જુનો બ્લોક નં.૬૧, હે.આરે.ચો.મી.૧–૫૯–૩૯, રૂ.૩.૭૨/– પૈસાવાળી ખેતી વિષયક જમીન વાદીના નામે ચાલી આવેલ છે.

(૧.૨) વધુમાં સદર જમીન ગણોતધારા કલમ–૭૩એએ નિયંત્રિત સતા પ્રકારની જમીન છે. સદરહુ જમીન વાદીએ મોજે ચીખલી ખડકાના મુળ રહેવાસી અને જાતના પારસી એવા શ્રી કેકોબાદ માણેકજી જોખી તથા શ્રીમતી જરબાઈ કેકોબાદ માણેકજી જોખી પાસેથી તા.૭–૪–૮૦ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતી. જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વ્યારા સબ રજીસ્ટ્રર કચેરીમા અનુક્રમ નં.૨૨૨૫ થી નોંધાયેલ છે. અને જે અંગેની વેચાણની નોંધ તા.૩–૬–૮૦ ના રોજ કરેલ હતી. ત્યારથી સદર જમીનો વાદી ખેડી અને તેની ઉપજ લઈએ છીએ. સદરહુ જમીન વાદીએ સદર જમીન વેચાણ દસ્તાવેજથી લીધેલ હોય આ કામે સદરહુ જમીનના એક માત્ર અમો માલીક છીએ.

(૧.૩) વધુમાં પ્રતિવાદી નં.૧ અને ૨ જેઓ સગા ભાઈ બહેન થાય છે. જેઓ વાદીના સગાભાઈના પુત્ર અને પુત્રી પણ થતા હોવા છતા છેલ્લા ઘણા સમયથી ખોટી ખોટી રીતે વાદીને હેરાન પરેશાન કરતા આવેલા છે. સદર જમીનમા પ્રતિવાદીઓને કશુ લાગતુ વળગતુ નથી કે સદર જમીનમા પ્રતિવાદીઓને કોઈ લાગભાગ કે હિસ્સો નથી કે કોઈ રીતે કોઈ હકક નથી. તેમ છતા તા.૮–૫–૨૪ ના રોજ વાદીએ શેરડીનુ તુલ કરેલ હોય તેમા પાણી વાળવા ગયેલ ત્યારે પ્રતિવાદીઓ એક જુટ થઈ એક સંપ થઈ ગે.કા. રીતે વાદીની જમીન ઉપર ઘસી આવી વાદી તથા મારી પત્ની મણીબેનને નાલાયક ગાળો આપી મારી નાંખવાની ધમકી આપેલ અને પ્રતિવાદીઓ જણાવતા હતા કે આ જમીન પ્રતિવાદીઓ તમોને ખેડવા દેવાના નથી અને શેરડીનો પાક કાપી તે વેંચી દઈશુ એવી ધમકી આપતા વાદી પ્રતિવાદીઓને આવુ ન કરવા જણાવેલ અને વાદી એક વયોવૃધ્ધ ઈસમ હોય તેમને વિનંતી કરેલ તેમ છતા પ્રતિવાદીઓ માનેલા નહી અને વાદીને ધમકી આપતા વાદીએ તા.૧૦–૫–૨૪ ના રોજ સોનગઢ પો.સ્ટે.મા આર.પી.એડી.થી ફરીયાદ કરેલ હતી. સદરહુ બનાવ અગાઉ પ્રતિવાદીઓ અમોને ધમકીઓ

======================================================================

==========================================================================

આપતા હતા. આ જમીન વાદીની સ્વતંત્ર માલીકીની કબજા ભોગવટાની છે. જે પ્રતિવાદીઓને કશુ લાગતુ વળગતુ નથી જેથી મોજે ચીખલી ખડકા મુકામે ખાતા નં.૧૦૮, બ્લોક નં.૮૪, હે.આરે.ચો.મી.૧–૫૯–૩૯, રૂ.૩.૭૨/– પૈસાવાળી ખેતી વિષયક જમીનમા વાદીને પ્રતિવાદીઓ ખેડ ખાતર કરે તુલ લેતા અટકાયત કરે કે કરાવે નહી કે સદરહુ દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદી ગે.કા. રીતે પ્રવેશ કરે કે કરાવે નહી તેમજ સદરહુ જમીન પર પ્રતિવાદી કોઈ લાગભાગ કે હિસ્સો નથી તેવી જાહેરાત મેળવવા દાવો કરેલ છે.

(૧.૪) વધુમાં દાવાનુ કારણ તા.૮–૫–૨૪ ના રોજ વાદીની દાવાવાળી બ્લોક નં.૮૪ વાળી જમીન પર શેરડીના તુલ જે પાણી વાળવા ગયેલ ત્યારે પ્રતિવાદીઓ જેઓ સગા ભાઈ બહેન હોય તેઓએ વાદીને જમીન નહી ખેડવાની ધમકી આપતા વાદીને ખેતીકામ કરતા તેમા અડચણ ઉભી કરતા ઉત્પન્ન થયેલ છે.

(૧.૫) વધુમા આ અરજ કામચલાઉ મનાઈ મેળવવા માટેની છે. સદર દાવો ચાલી નિકાલ આવતા ઘણો સમય થાય તેમ છે. એવા સંજોગોમા આ અરજી મંજુર કરી પ્રતિવાદીઓ સામે કામચલાઉ મનાઈ આપવામા આવે તો વાદીને ન્યાય મળે તેમ છે. વાદી એક વયોવૃધ્ધ ઈસમ છે. તેમજ મારે સંતાનમા ૪ છોકરીઓ હોય જેઓ પરણીને સાસરે ગયેલ હોય જયારે પ્રતિવાદી ખુબ જ માથા ફરેલ ઈસમ છે અને કાયદાને પણ અવગણતા ન હોય જો પ્રતિવાદીઓ સામે કામચલાઉ મનાઈ આપવામા ન આવે તો વાદીને ભયંકર નુકશાન થાય તેમ છે. તેમજ નાણાંથી બદલો નહી મળે તેવુ નુકશાન થવાનો ભય રહેલ છે. તેમજ દાવાવાળી જમીન સામે વાદીઓને પ્રતિવાદી સામે કામચલાઉ આપવાથી પ્રતિવાદીને કશુ નુકશાન જાય તેમ નથી. તેમજ પ્રતિવાદીને જમીન જોડે કશુ લાગતુ વળગતુ ન હોય તેવા સંજોગોમા વાદીની કામચલાઉ મનાઈ અરજી મંજુર કરવા મે.કરશોજી.

(૧.૬) વધુમા વાદી દાદ માંગે છે કે, મોજે ચીખલી ખડકા, તા.સોનગઢ, જી.તાપી ખાતે વાદીના સ્વતંત્ર નામે ખાતા નં.૧૦૮, બ્લોક નં.૮૪, હે.આરે.ચો.મી.૧–૫૯–૩૯, રૂ.૩.૭૨/– પૈસાવાળી જમીનમા પ્રતિવાદીઓ કે જેમને સદરહુ જમીન જોડે કશુ લાગતુ વળગતુ ન હોય તેઓ કે તેમના મળતીયા ઈસમો વાદીની સ્વતંત્ર કબજા ભોગવટાવાળી જમીનમા સદર દાવો ચાલે તે દરમ્યાન હરકત, દખલ, અટકાયત કરે કે કરાવે નહી તેવી કાચલાઉ મનાઈ હુકમ આપવા મે.કરશોજી.

==========================================================================

==========================================================

## (૨) <u>પ્રતિવાદીનો જવાબ/કેસ (Defendant Version)</u>

(૨.૧) અત્રેની અદાલતમાં દાવો દાખલ થતા સદરહું દાવાનો સમન્સ પ્રતિવાદી ઓને મોકલતા અને તેની બજવણી કરતાં આ કામના પ્રતિવાદીઓ તેમના વકીલશ્રી મારફત હાજર છે અને **પ્રતિવાદી** નાઓએ **આંક –૧૪** થી વાદીના દાવા તથા મનાઈ અરજીનો લેખિત જવાબ નીચે મુજબ રજુ કરવામા આવેલ છે.

( ૨.૨) વાદીની દાવા અરજ તથા મનાઈ અરજ ખરી નથી કાયદેસર નથી. શુધ્ધબુધ્ધિ પુર્વકની નથી. હાલના સંજોગોમા અને સ્વરૂપમા ચાલી શકે તેમ નથી. વાદીની મનાઈ અરજ કરવા માટે કોઈપણ પ્રકારનો હકક તથા અધિકાર પહોંચતો ન હતો અને નથી. વાદીના દાવાને ડીલે, લેચિસ તથા એકવીયન્સના સિધ્ધાંતોનો સ્પષ્ટપણે બાધ નડે છે. વાદીએ હાલનો દાવો પોતાનો બદઈરાદો બાર લાવવા માટે વર્ષ વીતી ગયા બાદ ખોટી પાઠાફેર હકીકતો રજુ કરી ઉપજાવી કાઢેલ હકીકતના આધારે હાલનો દાવો ના.કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. વાદી ના.કોર્ટમા ચોખ્ખા હાથે આવેલ નથી. વાદીએ તેમના દાવામા હિત ધરાવનારાઓને કેસમા જોડેલ નથી. વાદીના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝ તેમજ મીસ જોઈન્ડસ ઓફ પાર્ટીઝના નિયમોનો બાધ નડે છે. વાદીના દાવાને એસ્ટોપલના સિધ્ધાંતોનો બાધ નડે છે. તેમજ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટનો સ્પષ્ટપણે બાધ નડે છે.

(૨.૩) વધુમા દાવાવાળી જમીનની બજાર કિંમતોમા વધારો થતા ખોટી તથા મનઘડત હકીકતો ઉપજાવી કાઢી કંઈક લાભ મેળવવાના આશ્રયથી હાલનો ખોટો દાવો કરેલ છે. વાદીએ મનાઈ અરજના પેરા નં.૧ મા દાવાવાળી જમીનનુ વિગતવારનુ વર્ણન તથા જમીનની સતા પ્રકાર બાબતે કોઈપણ પ્રકારની તકરાર નથી. ખરી હકીકતમા દાવાવાળી જમીનના મુળ માલિક કેકોબાદ માણેકજી તથા જરબાઈ જોખી કરીને હતા. પરંતુ દાવાવાળી જમીનમા ભાગીદારીમા વાદી તથા પ્રતિવાદીઓના વડીલ ઈચ્છરીયાભાઈ ખેતી કરતા હતા. તેમજ સમયાંતરે ઈચ્છરીયાભાઈનુ અવસાન થતા તેમના દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓના વડીલ બાબલાભાઈ તથા લખીબેન સહીયારામા ખેતી કરતા આવેલ છે. તેમજ પક્ષકારોના વડીલ ઈચ્છરીયાની મોજે ગાળકુવામા આવેલ સ.નં.૩૪ વાળી ખેતીવિષયક જમીન લાલસીંગભાઈને રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૯૪/૧૯૭૬ થી વેચાણ કરવામા આવેલ હતી. સદર જમીનના પક્ષકારના વડીલ એકત્ર કુટુંબના વહીવટકર્તા તરીકે લખીબેન ધ્વારા વેચાણ કરવામા આવેલ હતી. દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ વાદીના નામે કરવામા આવેલ. દાવાવાળી જમીન વાદીએ વડીલપાર્જીત મિલકતના વેચાણ અવેજની રકમમાથી ખરીદવામા આવેલ છે.

==========================================================

સદર જમીન વાદીની સ્વપાર્જીત નથી. વેચાણ દસ્તાવેજ થઈ ગયા બાદ પ્રતિવાદીઓના વડીલ તથા વાદી સહીયારામા ખેડ ખાતર તુલ લઈ ઉપજ લેતા હતા. સદર જમીનની વાદી તથા પ્રતિવાદીના વડીલ બાબુભાઈ ધ્વારા પરસ્પર સમજુતીથી વડીલોપાર્જીત તમામ જમીનોની કુટુંબીક વહેંચણી કરવામા આવેલ. અને પ્રતિવાદીના વડીલ બાબલાભાઈના હિસ્સે સદર દાવાવાળી જમીન આવેલ હતી. સદર દાવાવાળી ખેતીવિષયક જમીન પ્રતિવાદીઓ પોતાના વડીલોના સમયથી સ્વતંત્ર કબજો ભોગવટા વહીવટમા માલીકી હકકે ચાલી આવેલ જમીન છે.

(૨.૪) વધુમા મનાઈ અરજના પેરા નં.૨ મા જણાવેલ હકીકત જેવી કે પ્રતિવાદીઓ વાદીના સગાભાઈના સંતાનો હોવાની હકીકત સાચી છે. પરંતુ બીજી તમામ હકીકતોનો પ્રતિવાદીઓ ભારપુર્વક ઈન્કાર કરીએ છે. ખરી હકીકતમા પક્ષકારોની વડીલોપાર્જીત જમીન નીચે મુજબ ચાલી આવેલ છે.

| ગામ | ખાતા નં. | બ્લોક નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| જુનાવણ | ૨૮૧ | ૧૫૬ | ૨–૦૯–૫૫ |
| ગાળકુવા | ૧૦૭ | ૨૮૮ | ૨–૫૫–૯૪ |
| ખડકા ચીખલી | ૧૦૮ | ૮૪ | ૧–૫૯–૩૯ |
| ખડકા ચીખલી | ૨૨૧ | ૨૫૧ | ૦–૨૯–૦૦ |

ઉપરોકત જણાવેલ જમીન પૈકી મોજે જુનાવણમા ખાતા નં.૨૮૧ વાળી જમીન મુળ વડીલ ઈચ્છરીયાભાઈ ધ્વારા ગણોતધારા હેઠળ પ્રાપ્ત કરવામા આવેલ હતી. જે અંગેની નોંધ સદર જમીનના ગા.ન.નં.૬ ના હકકપત્રકે નોંધ નં.૩૦૯ થી પક્ષકારોના મુળ વડીલ ઈચ્છરીયાભાઈનુ નામ દાખલ કરવામા આવેલ છે. ત્યારબાદ પક્ષકારોના મુળ વડીલ ઈચ્છરીયાભાઈનુ અવસાન થતા તેમના કાયદેસરના તેમજ સીધીલીટીના વારસદારો તરીકે જમીનમા જમા ઈચ્છરીયાભાઈ, કમુબેન ઈચ્છરીયાભાઈ, બાબલાભાઈ ઈચ્છરીયાભાઈનુ નામ નોંધ નં.૮૭૪ થી તા.૨૮–૨–૮૯ થી દાખલ કરવામા આવેલ હતુ. પરંતુ પ્રતિવાદીઓના વડીલો બાબલાભાઈના હિસ્સે ચીખલી ખડકામા આવેલ એટલે હાલની દાવાવાળી જમીન આવેલ હોવાથી સ્વેચ્છીક મોજે જુનાવાણમા આવેલ ખાતા નં.૨૮૧ વાળી જમીનમા નામ દાખલ કરવામા આવેલ ન હતી. સદર જમીનમા હાલ વાદીનુ નામ ચાલી આવેલ છે.

(૨.૫) વધુમા ઉપરોકત જણાવેલ જમીન મોજે ગાળકુવામા આવેલ ખાતા નં.૧૦૭ વાળી જમીન મુળ વડીલ ઈચ્છરીયાભાઈ ધ્વારા ગણોતધારા હેઠળ પ્રાપ્ત કરવામા આવેલ હતી. જે અંગેની નોંધ સદર જમીનના ગા.ન.નં.૬ ના હકકપત્રકે નોંધ નં.૬૬૪ થી પક્ષકારોના મુળ વડીલ ઈચ્છરીયાભાઈનુ નામ દાખલ કરવામા આવેલ છે. ત્યારબાદ પક્ષકારોના મુળ વડીલ ઈચ્છરીયાભાઈનુ અવસાન થતા તેમના

===============================================================

કાયદેસરના તેમજ સીધીલીટીના વારસદારો તરીકે જમીનમા કમુબેન ઈચ્છરીયાભાઈ, ચેમીબેન ઈચ્છરીયાભાઈ, છાપાબેન ઈચ્છરીયાભાઈ, જમા ઈચ્છરીયાભાઈ, બાબલાભાઈ ઈચ્છરીયાભાઈ, બાબલીબેન ઈચ્છરીયાભાઈનુ નામ નોંધ નં.૮૬૨ થી તા.૧૫–૫–૭૧ થી દાખલ કરવામા આવેલ હતુ. ત્યારબાદ જમીનના કુલ ક્ષેત્રફળ પૈકી ૦–૮૧–૦૦ જમીન લાલસીં ગભાઈને રજી.વેચાણ દસ્તાવેજ નં.૯૯૪/૭૬ થી વેચાણ કરવામા આવેલ હતી. જે અંગેની નોંધ જમીનના ગા.ન.નં.૬ ના હકકપત્રકે નોંધ નં.૧૦૬૪ થી દાખલ કરવામા આવેલ છે. સદર નોંધ મામલતદાર સાહેબ ધ્વારા રદ કરવામા આવેલ છે. આમ મોજે ગાળકુવા ખાતા નં.૧૦૭ વાળી જમીનમા હાલ વાદીનો કબજો ચાલી આવેલ છે. પરંતુ પ્રતિવાદીઓના વડીલો બાબલાભાઈના હિસ્સે ચીખલી ખડકામા આવેલ એટલે હાલની દાવાવાળી જમીન આવેલ હોવાથી સ્વેચ્છીક મોજે જુનાવાણમા આવેલ ખાતા નં.૨૮૧ વાળી જમીનમા નામ દાખલ કરવામા આવેલ ન હતી. સદર જમીનમા હાલ વાદીનુ નામ ચાલી આવેલ છે.

(૨.૬) વધુમા દાવા અરજના પેરા નં.૩ મા જણાવેલ હકીકતનો પ્રતિવાદીઓ ભારપુર્વક ઈન્કાર કરીએ છીએ. ખરી હકીકતમા દાવાવાળી જમીનમા વાદીનુ નામ ચાલી આવેલ હોય તેમજ કુટુંબીક વહેંચણી પ્રમાણે સદર જમીન પ્રતિવાદીના હિસ્સે ચાલી આવેલ હોય તેમજ દાવાવાળી જમીન ૪૦ વર્ષ ઉપરાંતથી પ્રતિવાદીઓના કબજા, ભોગવટામા ચાલી આવેલ હોય તેમજ પ્રતિવાદીઓએ વાદીના હિસ્સે આવેલ મોજે જુનાવાણ, ખાતા નં.૨૮૧ વાળી જમીનમાથી નામ કમી કરી લીધેલ હોવાથી જમીનમા પ્રતિવાદીનુ નામ દાખલ કરવા તથા વાદીનુ નામ કમી કરાવી લેવા જણાવતા વાદીએ પ્રતિવાદીને જમીનમાથી નામ કમી કરવા માટે ઈન્કાર કરેલ હતો. વાદીએ પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવા માટે દાવો દાખલ કરેલ છે.

(૨.૭) વધુમા દાવા અરજના પેરા નં.૪ મા જણાવેલ હકીકતનો પ્રતિવાદીઓ ભારપુર્વક ઈન્કાર કરીએ છીએ. ખરી હકીકતમા પ્રતિવાદીઓ ધ્વારા રજુ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવાઓ તથા કેસની હકીકતો જોતા વાદીનો હાલનો કેસ પ્રથમ દર્શનીય નથી તેમજ કેસની હકીકતને ધ્યાને લેવામા આવે તો બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીના તરફેણમા છે. જો વાદીઓની મનાઈ અરજ મંજુર કરવામા આવે તો પ્રતિવાદીઓને નાણાંાણી ભરપાઈ ન થાય તેવા ગંભીર પ્રકારના નુકશાન થવાની સંભાવના રહેલ છે. આમ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરરીપેરેબલ લોસ બંને ફેકટર્સ પ્રતિવાદીઓના લાભમા છે. જેથી વાદીની કામચલાઉ મનાઈ અરજ નામંજુર કરવામા આવે તો ન્યાયની નેમ જળવાઈ રહે તેમ છે.

===============================================================

(૨.૮) વધુમા દાવા અરજના પેરા નં.૫ મા જણાવેલ દાવાનુ કામ ચાલી નિકાલ આવતા કામચલાઉ મનાઈ હુકમની અરજ કરેલ છે. આમ પેરા નં.૫ મા જણાવેલ હકીકત ઉપજાવી કાઢેલ હોય પ્રતિવાદીઓ તેનો ભારપુર્વક ઈન્કાર કરીએ છીએ. વાદીએ હાલની મનાઈ અરજીમા માંગેલી દાદ તેઓને મળવાપાત્ર નથી અને અરજી નામંજુર કરવા રજુઆત કરેલી છે.

**(૩)<u>કાઉન્ટર એફીડેવીટ:–</u>**

(૩.૧)આ કામે વાદીએ પ્રતિવાદીના જવાબ રજુ કર્યા બાદ **<u>આંક –૧૬ થી કાઉન્ટર એફીડેવીટ</u>** રજુ કરેલ છે. જે જોતા મહદઅંશે તેમાં જણાવેલ તમામ હકીકતો મનાઈહુકમની અરજીમાં જણાવેલ હકીકતોનુ ફરીવાર પુનરાવર્તન કરેલ છે. જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરીવાર અંહી ઉલલેખ કરવામાં આવેલ નથી. તેમજ બીજી તરફ પ્રતિવાદીએ જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલાનુ જણાઈ આવે છે. અને પોતાની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોને વળગી રહેલ છે.

**(૪) <u>મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા (Oral and Documentary Evidence)</u>:–**

આ કામે વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **અ.નં.** | **વાદી તરફે દસ્તાવેજી પુરાવા** | **નિશાની** |
|---|---|---|
| 1 | વાદીના આધારકાર્ડની એટેસ્ટેડ નકલ | ૩/૧ |
| 2 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ખાતા નં.૧૦૮ ની ન.નં.૮–અ ની નકલ | ૩/૨ |
| 3 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની બ્લોક નં.૮૪ ની ન.નં.૭ ની નકલ | ૩/૩ |
| 4 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની બ્લોક નં.૮૪ ની ન.નં.૧૨ ની નકલ | ૩/૪ |
| 5 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૪૬ ની નકલ | ૩/૫ |
| 6 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૫૩૯ ની વેચાણની નોંધની નકલ | ૩/૬ |
| 7 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૬૭૧ ની નકલ | ૩/૭ |
| 8 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૫૪૭ ની નકલ | ૩/૮ |
| 9 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૬૦૭ ની નકલ | ૩/૯ |
| 10 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૬૫૨ ની નકલ | ૩/૧૦ |
| 11 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૬૬૧ ની નકલ | ૩/૧૧ |

| | | |
|---|---|---|
| 12 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૬૬૫ ની નકલ | ૩/૧૨ |
| 13 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૬૬૬ ની નકલ | ૩/૧૩ |
| 14 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૮૦૪ ની નકલ | ૩/૧૪ |
| 15 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૮૫૮ ની નકલ | ૩/૧૫ |
| 16 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ફેરફાર નોંધ નં.૮૫૯ ની નકલ | ૩/૧૬ |
| 17 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની ખાતા નં.૮ ની નકલ | ૩/૧૭ |
| 18 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની જુના બ્લોક નં.૬૧ ની ન.નં.૭ ની નકલ | ૩/૧૮ |
| 19 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢની જુના બ્લોક નં.૬૧ ની ન.નં.૧૨ ની નકલ | ૩/૧૯ |
| 20 | વાદીના જાતીના પ્રમાણપત્રની નકલ | ૩/૨૦ |
| 21 | વાદીને ડી.જી.વી.સી.એલ. ધ્વારા આપવામા આવેલ ખેતીવાડી કનેકશન નં.૪૩૯૧૫/૦૦૧૭૯/૧ ના બીલની અસલ નકલ | ૩/૨૧ |
| 22 | વાદીને ડી.જી.વી.સી.એલ. ધ્વારા આપવામા આવેલ ખેતીવાડી કનેકશન નં.૪૩૯૧૫/૦૧૦૨૬/૦ ના બીલની અસલ નકલ | ૩/૨૨ |
| 23 | વાદીએ ડી.જી.વી.સી.એલ. મા ભરેલ નાણાની રસીદની નકલ | ૩/૨૩ |
| 24 | વાદીએ તા.૭-૪-૮૦ ના રોજ કરેલ રજીસ્ટર દસ્તાવેજની નકલ | ૩/૨૪ |
| 25 | વાદીએ પ્રતિવાદી સામે તા.૮-૫-૨૪ ના બનાવની તા.૧૦-૫-૨૪ ના રોજ સોનગઢના સબ પોલીસ ઈન્સ્પેકટર સાહેબને કરેલ ફરીયાદની નકલ | ૩/૨૫ |
| 26 | તા.૧૦-૫-૨૪ ના રોજ આર.પી.એ.ડી. કરેલ ફરીયાદની રીસીપ્ટની નકલ | ૩/૨૬ |
| 27 | તા.૧૦-૫-૨૪ ના રોજ કરેલ ફરીયાદની સોનગઢ પો.સ્ટે.ને બજેલ ઓનલાઈન ટ્રેકીંગની નકલ | ૩/૨૭ |

આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| **અ.નં.** | **પ્રતિવાદી તરફે દસ્તાવેજી પુરાવા** | **નિશાની** |
|---|---|---|
| 1 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢમા આવેલ દાવાવાળી જમીનના ખાતા | ૧૫/૧ |

| | | |
|---|---|---|
| | નં.૧૦૮ ની ગા.ન.નં.૮૪ ની ગા.ન.નં.૮–અ ની નકલ | |
| 2 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢમા આવેલ જમીનના બ્લોક/સ.નં.૮૪ ની ગા.ન.નં.૭ ની નકલ | ૧૫/૨ |
| 3 | મોજે ચીખલીખડકા, તા.સોનગઢમા આવેલ જમીનના બ્લોક/સ.નં.૮૪ ની ગા.ન.નં.૧૨ ની નકલ | ૧૫/૩ |
| 4 | દાવાવાળી જમીનનુ પ્રતિવાદી ધ્વારા સને ૨૦૦૫ મા ચલન નં.૨ થી ભરેલ જમીન મહેસુલ વેરાની નકલ | ૧૫/૪ |
| 5 | દાવાવાળી જમીનનુ પ્રતિવાદી ધ્વારા સને ૨૦૦૭ મા ચલન નં.૧૫ થી ભરેલ જમીન મહેસુલ વેરાની નકલ | ૧૫/૫ |
| 6 | દાવાવાળી જમીનનુ પ્રતિવાદી ધ્વારા સને ૧૯૯૮ મા ચલન નં.૬૨ થી ભરેલ જમીન મહેસુલ વેરાની નકલ | ૧૫/૬ |
| 7 | દાવાવાળી જમીનનુ પ્રતિવાદી ધ્વારા સને ૨૦૦૪ મા ચલન નં.૧ થી ભરેલ જમીન મહેસુલ વેરાની નકલ | ૧૫/૭ |
| 8 | દાવાવાળી જમીનનુ પ્રતિવાદી ધ્વારા સને ૨૦૨૪ મા ચલન નં.૩૫ થી ભરેલ જમીન મહેસુલ વેરાની નકલ | ૧૫/૮ |
| 9 | પ્રતિવાદી ધ્વારા સામર્થ રાઈસ મિલમા દાવાવાળી જમીનમા વાવેલ મિલ ભાતનુ કરેલ વેચાણની રસીદ નં.૧૮૪૬૦ તા.૧૬–૧૨–૨૧ ની વેચાણ સ્લીપની નકલ | ૧૫/૯ |
| 10 | પ્રતિવાદી ધ્વારા સામર્થ રાઈસ મિલમા દાવાવાળી જમીનમા વાવેલ મિલ ભાતનુ કરેલ વેચાણની રસીદ નં.૧૬૩૯૫ તા.૫–૧–૨૩ ની વેચાણ સ્લીપની નકલ | ૧૫/૧૦ |
| 11 | પ્રતિવાદીના વડીલ બાબાલભાઈ ઈચ્છીરીયાભાઈને જમીનમા લીધેલ પાણી બાબતે ડોસવાડા નહેર યોજના હેઠળ તા.૭–૪–૯૭ ના રોજ આપવામા આવેલ નોટીસની નકલ | ૧૫/૧૧ |
| 12 | મોજે જુનાવાણ, તા.સોનગઢમા આવેલ પક્ષકારીની વડીલોપાર્જીત જમીનના ખાતા નં.૨૮૧ ની ગા.ન.નં.૮–અ ની નકલ | ૧૫/૧૨ |
| 13 | મોજે જુનાવાણ, તા.સોનગઢમા આવેલ પક્ષકારીની વડીલોપાર્જીત જમીનના બ્લોક/સ.નં.૧૫૬ ની ગા.ન.નં.૭ ની નકલ | ૧૫/૧૩ |
| 14 | મોજે જુનાવાણ, તા.સોનગઢમા આવેલ પક્ષકારીની વડીલોપાર્જીત જમીનના બ્લોક/સ.નં.૧૫૬ ની ગા.ન.નં.૧૨ ની નકલ | ૧૫/૧૪ |

| | | |
|---|---|---|
| 15 | મોજે જુનાવાણ, તા.સોનગઢમા આવેલ પક્ષકારીની વડીલોપાર્જીત જમીનના બ્લોક/સ.નં.૧૫૬ ની ગા.ન.નં.૬ ના હકકપત્રકે દાખલ કરવામા આવેલ નોંધ નં.૩૦૯ ની નકલ | ૧૫/૧૫ |
| 16 | મોજે જુનાવાણ, તા.સોનગઢમા આવેલ પક્ષકારીની વડીલોપાર્જીત જમીનના બ્લોક/સ.નં.૧૫૬ ની ગા.ન.નં.૬ ના હકકપત્રકે દાખલ કરવામા આવેલ નોંધ નં.૮૭૪ ની નકલ | ૧૫/૧૬ |
| 17 | મોજે ગાળકુવા, તા.સોનગઢમા આવેલ પક્ષકારોની વડીલોપાર્જીત જમીનના ખાતા નં.૧૦૭ ની ગા.ન.નં.૮–અ ની નકલ | ૧૫/૧૭ |
| 18 | મોજે ગાળકુવા, તા.સોનગઢમા આવેલ પક્ષકારોની વડીલોપાર્જીત જમીનના બ્લોક/સ.નં.૨૮૮ ની ગા.ન.નં.૭ ની નકલ | ૧૫/૧૮ |
| 19 | મોજે ગાળકુવા, તા.સોનગઢમા આવેલ પક્ષકારોની વડીલોપાર્જીત જમીનના બ્લોક/સ.નં.૨૮૮ ની ગા.ન.નં.૧૨ ની નકલ | ૧૫/૧૯ |
| 20 | મોજે ગાળકુવા, તા.સોનગઢમા આવેલ પક્ષકારોની વડીલોપાર્જીત જમીનને વાદી ધ્વારા કરવામા આવેલ વેચાણ દસ્તાવેજ નં.૯૯૪/૧૯૭૬ ની નકલ | ૧૫/૨૦ |

**(૫) દલીલ (Argument):–**

(૫.૧) આ કામે વાદી તરફે આંક–૧૯ તથા પ્રતિવાદી તરફે આંક–૨૨ થી આંક–૫ ની લેખિત દલીલ રજુ કરવામા આવેલ છે. જે વંચાણે લેવામા આવેલ છે.

**(૬) મુદ્દા:–**

(૬.૧) વાદીની મનાઈ અરજી તેમજ દસ્તાવેજના આધારે સદર અરજીનો નિર્ણય કરવા નીચે મુજબના મુદ્દા ઉત્પન્ન થાય છે:

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું ન્યાયનુ સમતુલાનુ પલડુ વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદીને લાભમાં કામચલાઉ મનાઈની દાદ ન આપવામાં આવે તો વાદીને નાણાંમા ભરપાઈ ન થાય તેવુ નુકસાન થાય તેમ છે?

(૪) શું હુકમ અને હુકમનામું?

(૬.૨) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

==================================================================

(૩) હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

**કારણો/ ચર્ચા અને પુરાવાનુ મુલ્યાંકન:–**
**Findings/Discussion And Appreciation Of Evidence**:-

**–:કારણો:–**

**(૭)મુદ્દા નંબર –૧ થી ૩:–**

**(૭.૧)**મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય હકીકતોનુ પુનરાવર્તન ટાળવા માટે ત્રણેય મુદાઓની ચર્ચા એકસાથે કરવામા આવે છે. વાદીએ મનાઈ અરજીના સમર્થનમા પોતાનો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરવા માટે જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે ધ્યાને લેવામા આવે તો, માર્ક–૩/૨ થી દાવાવાળી જમીનના ગામ નમુના નં.૮–અ ની નકલ રજુ કરેલ છે. તેમજ માર્ક–૩/૩ થી ગામ નમુના નં.૭ ની નકલ રજુ કરેલ છે. માર્ક–૩/૪ થી ગામ નમુના નં.૧૨ ની નકલ રજુ કરેલ છે. સદર રેવન્યુ રેકર્ડથી વંચાણે લેવામા આવે તો દાવાવાળી મિલકતના કબજેદાર તરીકે જમાભાઈ ઈચ્છરીયાભાઈ એટલે કે હાલના વાદી હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે. તેમજ માર્ક–૩/૬ થી જે ગામ નમુના નં.૬ ના પત્રકની નકલ છે જે વંચાણે લેતા દાવાવાળી મિલકત હાલના વાદીએ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હતી અને તે મુજબની નોંધ દર્શાવતી નકલ છે. માર્ક–૩/૭ થી ગામ નમુના નં.૬ ના સુધારા કર્યા અંગેની નોંધો છે. માર્ક–૩/૯ તથા ૩/૧૦ થી ગામ નમુના નં.૬ તે વાદીએ કો.ઓ.સો.માથી તેમજ બેંકમાથી લીધેલ લોન અંગેની નોંધ પાડવામા આવેલી છે. માર્ક–૩/૧૭, ૩/૧૮, ૩/૧૯ તે દાવાવાળી મિલકતનુ રેવન્યુ રેકર્ડની નકલ છે. જેમા કબજેદાર તરીકે હાલના વાદીનુ નામ કબજેદાર તરીકે ચાલતુ આવેલાનુ સ્પષ્ટ જણાય આવે છે. આમ વાદી ધ્વારા રેવન્યુ રેકર્ડની જે નકલો રજુ કરવામા આવેલી છે તે જોતા, દાવાવાળી જમીન રેવન્યુ રેકર્ડ હાલ વાદીની માલિકીનુ હોવાનુ ફલિત થાય છે. ત્યારબાદ માર્ક–૩/૨૪ થી વાદીએ વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલી છે. જે વંચાણે લેવામા આવે તો, દાવાવાળી મિલકત વાદીએ તા.૭–૪–૮૦ ના રોજ કેકોબાદ માણેકજી જોખી તથા જરબાઈ કેકોબાદ માણેકજી જોખી પાસેથી રૂ.૨૫૦૦/– અવેજ ચુકવીને વેચાણથી ખરીદ કરેલ છે. સદર દસ્તાવેજમા ખરીદનાર તરીકે માત્ર હાલના વાદી છે. આમ વાદી તરફે રજુ રેવન્યુ રેકર્ડ તથા દસ્તાવેજ વંચાણે લેતા, પ્રથમ દર્શનીય રીતે દાવાવાળી મિલકતના માલિક તથા કબજેદાર હાલના વાદી હોવાનુ જણાય આવે છે.

==================================================================

==================================================================

(૭.૨)પ્રતિવાદીએ તેઓના બચાવમા જે હકીકતો જણાવેલી છે તેમા પ્રતિવાદીઓની મુખ્ય તકરાર એવી છે કે દાવાવાળી મિલકત વાદી તથા અમો પ્રતિવાદીના વડીલ ઈચ્છરીયાભાઈ ખેતી કરતા હતા. તેમજ ઈચ્છરીયાભાઈના અવસાન બાદ વાદી તથા અમો પ્રતિવાદીના વડીલ બાબલાભાઈ તથા લખીબેન તે સહીયારામા ખેતી કરતા હતા. પરંતુ પ્રતિવાદી તરફે આ અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. ત્યારબાદ પ્રતિવાદી જણાવે છે કે, અમો પક્ષકારોના વડીલ ઈચ્છરીયાભાઈની મોજે ગાળકુવા, તા.સોનગઢમા આવેલ સ.નં.૩૪૪ વાળી ખેતી વિષયક જમીન લાલસીં ગભાઈ લીમાભાઈને વેચાણ દસ્તાવેજ નં.૯૯૪/૧૯૭૬ થી વેચાણ કરેલ હતી. સદર જમીનના અમો પક્ષકારના વડીલ વહીવટકર્તા તરીકે લખીબેન તે ઈચ્છરીયાભાઈ નરસીહની વિધવા ધ્વારા વેચાણ કરવામા આવેલ હતી. અને તે વેચાણ અવેજની રકમમાથી દાવાવાળી જમીનનો દસ્તાવેજ બનાવવા માટે સરળતા રહે તે માટે વાદીના નામે દસ્તાવેજ કરવામા આવેલો. ખરેખર દાવાવાળી ખેતી વિષયક જમીન આ કામના વાદીએ વડીલોપાર્જીત મિલકતની વેચાણ અવેજની ખરીદવાનુ આવે છે. પરંતુ જો ખરેખર વાદીએ સંયુકત કુટુંબના આવકમાથી અને સરળતા રહે તે માટે દસ્તાવેજ વાદીના નામનો કરેલ છે તો તે મતલબનો પ્રતિવાદી એ પુરાવો રજુ કરવો જોઈતો હતો. વાદીએ સ્વપાર્જીત મિલકતમાથી દાવાવાાળી મિલકત ખરીદ કરેલ છે તે અંગેનો એક પણ દસ્તાવેજી પુરાવો પ્રતિવાદીએ રજુ કરેલ નથી. તેવા સંજોગોમા પ્રતિવાદીએ તેઓના જવાબમા જે તકરાર લીધેલી છે તે તકરાર હાલના તબકકે માની શકાય તેવી નથી. વધુમા પ્રતિવાદી તરફે માર્ક-૧૫/૧ થી ૧૫/૨૦ સુધીના જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે પુરાવા વંચાણે લેવામા આવેલ છે. પરંતુ સદર પુરાવાઓમા પ્રતિવાદી તરફે એવો એકપણ પુરાવો રજુ કરેલ નથી કે જેનાથી અત્રેની કોર્ટ પ્રથમ દર્શનીય એવુ માને કે, પ્રતિવાદીનો દાવાવાળી મિલકતમા હકક, હિત, હિસ્સો છે.

(૭.૩)આમ વાદી તરફે જે પણ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે પુરાવા વંચાણે લેતા, દાવાવાળી મિલકતમા હાલ વાદી હોવાનુ પ્રથમ દર્શનીય રીતે પુરવાર થયેલ છે. તેમજ જો વાદીને મનાઈ હુકમ આપવામા ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જવાની પુરેપુરી શકયતા છે. અને વાદીને મનાઈ હુકમ આપવામા આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન જવાનુ નથી. તેમજ સગવડતા અને અગવડતા પણ વાદીના પક્ષમા હોવાની જણાય આવે છે. આ તમામ સંજોગો ધ્યાને લેતા જયારે વાદી તેઓની મનાઈ અરજીમા મનાઈ હુકમ મેળવવા માટેના જે આવશ્યક તત્વો

==================================================================

================================================================

છે તે પુરવાર કરેલ હોય તેવા સંજોગોમા વાદીની હાલની મનાઈ અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

================================================================

**-:આખરી હુકમ:-**

================================================================

(૧) વાદીની હાલની આંક-૫ ની મનાઈ અરજી **મંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે અને વાદીઓની આંક-૫ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીમા પેરા નં.૯ મા માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ વાદીઓના લાભમા પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાના આખરી નિકાલ કરતા સુધી પ્રતિવાદીઓને ફરમાવવામા આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ ૦૮ મી, માહે જાન્યુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૮-૦૧-૨૦૨૬
સ્થળ: સોનગઢ.

**(એમ.ડી.પરમાર)**
જજ કોડ નં. જીજે ૦૧૩૦૪
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સોનગઢ.

================================================================